દા.ત. ટાઇફોઇડ કે વાયરસનો તાવ હોય તો એલોપેથીક દવા પણ અઠવાડીયાથી પણ વધારે સમય લે છે. એલર્જી જેવા રોગો મટતા નથી બસ જ્યાં સુધી દવા ચાલુ હોય ત્યાં સુધી જ રાહત રહે છે.

તાવ, ઝાડા જેવી તકલીફોમાં એલોપેથીક સારવારથી દેખીતી રીતે રોગ મટી ગયો હોય એમ લાગે છે. પરંતુ ઘણા દિવસ સુધી નબળાઇ, બેચેની, સારુ ન લાગવું, ખોરાક ન લેવાવો, મોં કડવું રહેવું વગેરે તકલીફો ચાલુ જ રહે છે. જે આ સારવારમાં નથી બનતું.

❖ **આ દવાઓ ક્યા તત્વો (પદાર્થો) માંથી બને છે ?**

ખાસ કરીને આ દવાઓ વનસ્પતિ અને ખનીજ દ્રવ્યોમાંથી બને છે. દવા બનાવવા માટે અલગ-અલગ વનસ્પતિના જુદા જુદા ભાગનો ઉપયોગ થતો હોય છે. આ દવા પ્રાણી કે પ્રાણીની વિવિધ વસ્તુનો ઉપયોગ કરી ને પણ બનાવવામાં આવે છે. ભલે દવા પ્રાણીમાંથી બનાવવામાં આવે પરંતુ અમુક દવાઓને બાદ કરતાં મોટા-ભાગની દવાઓમાં હિંસાનું પ્રમાણ ખુબજ નહીવત છે. માટે અહિંસામાં માનતી વ્યક્તિઓ પણ આ દવાનો ઉપયોગ કરી શકે છે. એલોપેથીક દવાના પ્રયોગો પ્રાણીઓ ઉપર જ કરવામા આવે છે. જેનાથી પ્રાણીઓને ખૂબજ રીબામણી થતી હોય છે. જ્યારે હોમિયોપેથીક દવાના અભ્યાસ ફક્ત મનુષ્ય ઉપર કરવામાં આવે છે અને તેને કોઇ તકલીફ થતી નથી. આ રીતે જોતાં પણ હોમિયોપેથીકમાં હિંસાનું પ્રમાણ નહીવત છે.

❖ **સારવાર દરમિયાન ચરી પાળવાની હોય છે ?**

ના. સારવાર દરમિયાન કોઇ ચરી પાળવાની હોતી નથી. (ઘણા લોકો માને છે કે કોફી, હિંગ વગેરે ન લઇ શકાય પરંતુ એવું નથી) હા સારવાર દરમિયાન રોગની ચરી પાળવાની હોય છે. દા.ત. બ્લડ પ્રેશર હોય તો મીઠું ઓછું કરવું પડે.

❖ **એલોપેથીક દવાની સાથે આ દવા લઇ શકાય ?**

હા. બન્ને સારવાર સાથે ચાલુ રાખી શકાય. આ નિર્ણય આપના ડૉક્ટરને કરવા દો. દા.ત. બ્લડ પ્રેશર, ડાયાબીટીસ કે ખેંચની દવા એકાએક બંધ કરવાની હોતી નથી.

❖ **દવાઓ દેખાવમાં એકસરખી અને ગળી કેમ છે ?**

અલગ-અલગ દવાના અર્કને પ્રવાહી સ્વરૂપે આલ્કોહોલમાં